## કમ્પ્લેન બોક્સ મુકવાની નવી પ્રથા શરુ કરાયા બાદ

# કોમર્સ ફેકલ્ટીના સત્તાધીશોને એક સપ્તાહમાં માત્ર એક જ ફરિયાદ મળી

વડોદરા,શનિવાર

એમ.એસ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી સત્તાધીશોએ ફેકલ્ટીમાં કમ્પ્લેન બોક્સ મુકવાની નવી પ્રથા શરુ કરી છે. સોમવારે એસવાયબીકોમના શિક્ષણનો પ્રારંભ થયો તે દિવસથી ફેકલ્ટીના દરેક યુનિટ પર કમ્પલેન બોક્સ મુકવામાં આવ્યા છે અને વિદ્યાર્થીઓને કોઈ સમસ્યા હોય તો ફરિયાદ સ્વરુપે તેમાં પોતાના આઈ કાર્ડની ફોટોકોપી એટેચ કરીને નાંખવા માટે અપીલ કરવામાં આવી છે.

## જનરલ એજ્યુકેશન બિલ્ડિંગ પર ભણતી દિવ્યાંગ વિદ્યાર્થિનીના વાલીએ કરેલી ફરિયાદ બાદ તેનો ઉકેલ પણ લવાયો

જોકે એક સપ્તાહના શિક્ષણ બાદ કોમર્સ ફેકલ્ટી સત્તાધીશોને પહેલી અને એક માત્ર ફરિયાદ કમ્પલેન બોક્સ થકી મળી છે.આ ફરિયાદ એક વાલીએ કરી છે.વાલીનુ કહેવુ હતુ કે, જનરલ એજ્યુકેશન બિલ્ડિંગ પર મારી દિવ્યાંગ પુત્રી અભ્યાસ કરે છે અને તેને બિલ્ડિંગમાં લેક્ચર એટેન્ડ કરવા માટે પ્રવેશવામાં મુશ્કેલી પડે છે.કારણકે ત્યાં દિવ્યાંગો માટે અલાયદી વ્યવસ્થા નહીં હોવાથી પગથિયા ચઢવા પડે છે.

દરમિયાન કોમર્સ ફેકલ્ટીના વાઈસ ડીન ડો.ડાંગરવાલાએ કહ્યુ હતુ કે, આ ફરિયાદ મળ્યા બાદ તેનો ઉકેલ પણ લાવવામાં આવ્યો છે.જનરલ એજ્યુકેશન યુનિટનો ડી એન હોલ તરફનો દરવાજો વિદ્યાર્થિની માટે ખુલ્લો મુકાયો છે.જ્યાં પગથિયા નહીં હોવાથી તે સરળતાથી અવર જવર કરી શકે છે.

જોકે આશ્ચર્યની વાત એ છે કે, વિદ્યાર્થી સંગઠનો એક તરફ સમસ્યાઓ અંગે બૂમો પાડતા હોય છે પણ કોમર્સ ફેકલ્ટી સત્તાધીશોને ઉપરોક્ત ફરિયાદ સિવાય બીજી કોઈ ફરિયાદ મળી નથી.એટલે વિદ્યાર્થીઓમાં કાં તો જાગૃતિનો અભાવ છે અથવા તો તેમને ફરિયાદ કરવામાં રસ નથી કે પછી ડર લાગે છે કે, આઈ કાર્ડની ફોટોકોપી એટેચ કરીને ફરિયાદ કરવાના કારણે તેમને ટાર્ગેટ બનાવાશે.